## :: રે.દિ.મુ.નં.૦૬/૨૦૨૨ ના કામે આંક–૫ લગત હુકમ ::

(૧) આ કામે વાદીની કામચલાઉ મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના વાદીઓ ખેરાના મુવાડા, તા.ઠાસરા, જિ.ખેડા મુકામે રહે છે અને ખેતી કરે છે. મોજે ગામ નનાદરાના રેવન્યુ સર્વે નં.૫૩૨ જેનુ ક્ષેત્રફળ ૪–૫૩–૨૫ વાળી જમીનમાં વાદીઓના વડીલો સને–૧૯૯૦ ની સાલથી ખેતી કરતા આવેલ છે. વાદીઓના વડીલો અને પ્રતિવાદીઓના વડીલો મામા–ફોઈના સંબંધો ધરાવતા હોય અને વાદીઓના વડીલો અભણ હોય સદર દાવાવાળી જમીન ખરીદવાના નાણા વાદીઓના વડીલે પ્રતિવાદીઓના વડીલ કે જેઓ સરકારી નોકરી કરતા હોય તેઓને આપેલા અને દાવાવાળી જમીનનો દસ્તાવેજ વાદીઓના વડીલોના નામે કરી આપવા પ્રતિવાદીઓના વડીલને જવાબદારી સોંપેલી, પરંતુ પ્રતિવાદીઓના વડીલે તેઓના નામે દાવાવાળી જમીનનો દસ્તાવેજ કરી લીધેલ અને દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ અને શાંત કબજો વાદીઓના વડીલને સોંપેલો અને ત્યારથી વાદીઓના વડીલો દાવાવાળી જમીનમાં ખેતી કરી ઉપજ લેતા આવેલ.

વધુમાં વાદીએ જણાવેલ છે કે, વાદીના વડીલોએ દાવાવાળી જમીન આશરે ૧૯૯૦ ની સાલથી ખેતી કરી ઉપજ લેતા આવેલ છે અને જે પ્રતિવાદીએ કોઈપણ વખત વાદીઓ સાથે કોઈપણ વખત વાંધો કે તકરાર લીધેલ નથી. આમ, વાદીઓ દાવાવાળી જમીનનો કબજો ભોગવટો સને–૧૯૯૦ ની સાલથી એટલે કે, ૩૨ વર્ષથી વિના રોકટોક ખેતી કરી ઉપજ લેતા આવેલ છે. આ કામના પ્રતિવાદીઓએ વાદીઓ વિરુધ્ધ પ્રાંત કચેરી અને સબ ડીવીઝન કચેરી, ઠાસરા મુકામે દાવાવાળી જમીન બાબતે ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૨૦ (લેન્ડ ગ્રેબીંગ) અન્વયે અરજી કરેલ છે અને તેની નોટીસ વાદીઓને મળેલી, જેથી વાદીઓએ છેલ્લા ૩૨ વર્ષથી એડવર્સ પઝેશનના કાયદાથી પણ દાવાવાળી જમીનના કબજેદાર છે અને સદર જમીનમાં ખેતી કરી ઉપજ લેતા આવેલ છે તેમજ દાવાવાળી જમીનનો મહેસુલ વેરો પણ તેઓ ભરતા આવેલ છે. વાદીઓ અભણ અને ગરીબ

વર્ગના હોય પ્રતિવાદીઓ જુથના જોરે તેમજ દાદાગીરીથી સદર જમીનમાં ગેરકાયદેસર રીતે કબજો પડાવી લેવા અને કબજો કરી લેવા પ્રયત્ન કરી રહેલ છે. જેથી તેઓને રોકવા અને વાદીઓનો કબજો ગેરકાયદેસર રીતે પડાવી ના લે અને કબજો ના કરી લે તે માટે પ્રતિવાદીને અટકાવવા આ દાવો કરવાની જરૂર પડેલ છે.

વધુમાં વાદીએ જણાવેલ છે કે, ન્યાયનું હિત વાદીઓના તરફેણમાં છે. પ્રતિવાદીઓને સદર દાવાવાળી જમીન વાદીઓના હકકો વિરુધ્ધ કોઈપણ પ્રકારે તબદીલ કે ટ્રાન્સફર કરવા, બોજા, તારણમાં મુકવા કાયદેસરનો હકક અધિકાર નથી તેમ છતાં દાવાવાળી મિલ્કતમાં પ્રતિવાદીઓ જુથના જોરે કાયદાની પરવા કર્યા વગર વાદીના કાયદેસરના હકકો કાયમ માટે નષ્ટ કરવા પ્રયત્ન કરતા હોય અને તેમ કરવામાં ફાવી જાય તો વાદીના હકકોને નાણાથી બદલો ના વાળી શકાય તેવુ ગંભીર પ્રકારનું નુકશાન સહન કરવાનો વારો આવે તેમ છે તેમજ પ્રતિવાદીઓને દાવાવાળી મિલ્કતમાં નવીન ગેરકાયદેસર હકકો પ્રાપ્ત થાય તેમ છે, જેથી પ્રતિવાદીઓને દાવા દરમ્યાન વાદીઓના હકકો વિરુધ્ધ અપકૃત્યો કરતા અટકાવવા વાદીઓએ સદર મનાઈ અરજી દાખલ કરી નીચે જણાવ્યા મુજબની દાદ માંગેલ છે.

**<u>દાદ:</u>**

(અ) દાવા અરજીના પેરા (૧) માં જણાવેલ નામ. કોર્ટની હકુમતના મોજે ગામ નનાદરા, તા.ઠાસરા, જિ.ખેડાની રેવન્યુ સર્વે નં.૫૩૨, જેનુ ક્ષેત્રફળ ૪–૫૩–૨૫ વાળી જમીનમાં પ્રતિવાદી કે તેમના માણસો, નોકરો, ચાકરો, એજન્ટ, એસાઈનીઝ, મળતીયા, મુખત્યાર વિગેરે તેઓની દાવાવાળી જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી કરાવે નહી કે વાદીઓને ખેતી કરતા ઉપજ લેતા કોઈપણ પ્રકારે દખલ, અંતરાય કરે કરાવે નહી કે દાવાવાળી જમીનનો વાદીઓ પાસેથી કબજો લે–લેવડાવે નહી તેમજ દાવાવાળી જમીનમાં બોજો ઉત્પન્ન કરે કરાવે નહી તેવો વચગાળાનો મનાઈ હુકમ દાવાના આખરી નિકાલ થતા સુધી વાદીઓની તરફેણમાં અને પ્રતિવાદીઓ વિરુધ્ધમાં અપાવવા અરજ ગુજારેલ છે તેમજ (બ) વાદીની મનાઈ અરજીની બીના ધ્યાનમાં રાખી નામ. કોર્ટને ન્યાયી અને વ્યાજબી લાગે તેવી વધારાની હરકોઈ દાદ

અપાવવા તેમજ મનાઈ અરજીનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) વાદી તરફે તેઓના દાવા અને કામ ચલાઉ મનાઇ અરજીના સમર્થનમાં નીચે જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**દસ્તાવેજી પુરાવા**

| અ.નં | વિગત | નિશાની |
|---|---|---|
| ૧ | મોજે ગામ નનાદરા સર્વે નં.૫૩૨ ગામ નમુના નં.૦૭ ની ઝેરોક્ષ નકલ | ૩/૧ |
| ૨ | મોજે ગામ નનાદરા સર્વે નં.૫૩૨ ગામ નમુના નં.૧૨ની ઝેરોક્ષ નકલ | ૩/૨ |
| ૩ | ખાતા નં.૪૩૮ ગામ નમુના નં.૮(અ) ની ઝેરોક્ષ નકલ | ૩/૩ |
| ૪ | વાદી સામે પ્રતિવાદીએ ઠાસરા પ્રાંત અધિકારી સાહેબમાં લેન્ડ ગ્રેબિંગ કરેલ અરજીની ઝેરોક્ષ નકલ | ૩/૪ |
| ૫ | વાદી સામે પ્રતિવાદીએ કરેલ લેન્ડ ગ્રેબિંગ ફરીયાદની ઝેરોક્ષ | ૩/૫ |
| ૬ | દાવાવાળી જમીનના ફેરફાર નોંધ નં.૨૩૧૦ ની ઝેરોક્ષ નકલ | ૩/૬ |
| ૭ | દાવાવાળી જમીનમાં ભરેલ મહેસુલ વેરાની પાવતીની ઝેરોક્ષ નકલ | ૩/૭ થી ૩/૧૧ |

(૩) પ્રતિવાદી નં.૧, ૨, ૩ તથા ૫ તરફે દાવા તથા મનાઇ અરજીનો આંક–૨૯ થી લેખીત જવાબ રજુ કરેલ છે અને પ્રતિવાદી નં.૪ તરફે આંક–૧૨ અને આંક–૩૦ થી લેખિત જવાબ રજુ કરેલ છે. પ્રતિવાદી નં.૧,૨,૩,૪ તથા ૫ નાએ લેખિત જવાબમાં વાદીની દાવા અરજી અને કામચલાઉ મનાઇ અરજી ની હકીકતોનો ઇન્કાર કરેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, મોજે ગામ નનાદરાના રેવન્યુ સર્વે નં.૫૩૨ જેનું ક્ષેત્રફળ ૪–૫૩–૨૫ જેનો ખાતા નં.૪૩૮ વાળી જમીન પ્રતિવાદીઓના દાદા નામે રાઠોડ સોમાભાઈ વાઘજીભાઈનાઓએ તા.૧૯/૦૧/૧૯૮૯ ના રોજથી રજી.વેચાણ દસ્તાવેજ નં.૪૫/૧૯૮૯ થી સદર જમીન શારદાબેન છોટાભાઈ પટેલ વિગેરેનાઓ પાસેથી વેચાણ રાખેલી છે. ત્યારથી સદર જમીનનો માલીકી હકક તથા પ્રત્યક્ષ, પરોક્ષ અને કબજો ભોગવટો પ્રતિવાદીઓનો આવેલો છે તેમજ વાદીઓએ દાવા અરજીના પેરા.૧ માં જણાવ્યા મુજબ તેઓના વડીલોએ સદર જમીન ખરીદવા માટે પ્રતિવાદીઓના વડીલોને જો કોઈ નાણાં આપેલા હોય તો તેઓએ સદર દાવો

દાખલ કરતા સમયે કોઈ પુરાવો રજુ કરેલો નથી અને દાવા અરજી તથા મનાઈ અરજીમાં તેનું કોઈ સ્પષ્ટ વર્ણન કરેલુ નથી અને વાદીઓના વડીલો સદર જમીન બાબતે આટલા વર્ષો સુધી સદર જમીન બાબતે કોઈપણ જાતની કાર્યવાહી કરેલી નથી. જેથી પણ વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

વધુમાં તેઓએ વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીના પેરા નં.૨ જણાવ્યા મુજબ તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, સદર કામના વાદીઓ વિરૂધ્ધ ઠાસરા પોલીસ સ્ટેશનમાં સદર જમીન બાબતે પ્રતિવાદીના ભાઈ નામે સુનિલભાઈનાઓએ ફરીયાદ આપેલી હતી. જેથી ઠાસરા પોલીસ સ્ટેશન દ્વારા સદર કામના વાદીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલી હતી તેમ છતાં આ કામના વાદીઓ સદર જમીનમાં પ્રતિવાદીઓને પ્રવેશ કરતા અટકાવતા હતા અને આ કામના વાદીઓ એકજુથ થઈને સદર જમીનમાં બળજબરી પુર્વકથી કબજો કરી લેવાની પ્રવૃતિ કરતા હતા જેથી આ કામના પ્રતિવાદી નં.૪ નાઓએ વાદીઓ વિરૂધ્ધ મુખ્યમંત્રી દ્વારા સ્વાગત કાર્યક્રમમાં અરજી કરેલી હતી પરંતુ કોઈ જવાબ મળેલો ન હોવાથી વાદીઓ વિરૂધ્ધ ગ્રેબીંગ એકટ મુજબ ઓનલાઈન અરજી કરવામાં આવેલી હતી જેથી ગ્રેબીંગ એકટ મુજબની ફરીયાદ ઠાસરાના મહે પ્રાન્ત અધિકારી સાહેબનાઓએ કાર્યવાહી કરવામાં આવેલી હતી જેનો નં.જમન/લેન્ડ ગ્રેબીંગ/વશી/૧૦૪૫/૨૦૨૨ આવેલ છે અને ત્યારબાદ મામલતદારશ્રીનાઓ તથા સર્કલશ્રીનાઓએ સદર જમીન બાબતે નિવેદન લઈ તથા સ્થળ ઉપર પંચનામુ કરી તેઓએ અભિપ્રાય આપેલ છે કે સામાવાળા/વાદીઓ વિરૂધ્ધ લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ આગળની કાર્યવાહી થવા અત્રેથી હકારાત્મક અભિપ્રાય થાય છે. તેવુ જણાવેલ છે. તથા લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળની કાર્યવાહી ઠાસરાના મહે પ્રાન્ત અધિકારી સાહેબની કોર્ટ પેન્ડીંગ હોવાથી વાદીઓ લેન્ડ ગ્રેબીંગ એકટ કાયદાથી બચવા માટે સદર દાવો નામ.કોર્ટમાં દાખલ કરી દીધેલો હતો અને સદર દાવામાં વાદીઓ જણાવે છે કે સદર જમીનમાં છેલ્લા ૩૨ વર્ષ એડવર્સ પજેશનના કાયદાથી કબજેદાર હોવાનું ઉપજાવી કાઢેલ છે અને ઠાસરા પ્રાન્ત અધિકારી સાહેબની કોર્ટમાં વાદીઓએ જણાવેલ છે કે અમોએ ઠાસરા કોર્ટમાં દાવો દાખલ કરી દીધેલો છે. જેથી પ્રાન્ત અધિકારીશ્રીનાઓએ તથા ખેડા જીલ્લાના મહે કલેકટર સાહેબશ્રીનાઓએ જણાવેલ છે કે સીવીલ કોર્ટ રાહે દાદ મેળવી લેવી જેથી સદર હુકમથી નારાજ થઈ પ્રતિવાદી નં.૪ નાઓ તમામ પ્રતિવાદીઓ વતી નામ.ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યલ ક્રિમીનલ અ.નં.૧૨૨૩૮/૨૦૨૨ થી દાખલ કરેલ છે. તેમજ સદર જમીન અમો પ્રતિવાદીઓના

વડીલોએ વેચાણથી રાખેલી છે તેમજ પ્રતિવાદીઓ તમામનો સદર જમીનમાં સંયુકત લાગભાગ હકક હિસ્સો અને માલીકી હકક આવેલો છે તેમજ સદર જમીન પ્રતિવાદીના પિતાએ તેમની હયાતીમાં ખેડવા માટે અડધા ભાગે વાદીઓને તેમના પિતાના અવસાન થયાના એક વર્ષ અગાઉમાં તબિયત સારી રહેતી ન હોય આપેલી હતી તેમજ તેમના પિતાની હયાતીમાં એટલે કે તેઓના પિતાના અવસાન થયાના એક વર્ષ અગાઉ વાદીઓને સદર જમીનની ઉપજમાંથી અડધો હિસ્સો એટલે કે ભાગ આપતા હતા. ત્યારબાદ તેમના પિતાનુ મરણ તા.૦૨/૦૮/૨૦૧૩ ના રોજ થયેલ છે. ત્યારથી સદર જમીનનો (પાકની ઉપજનો) અડધો ભાગ છેલ્લા ૯ વર્ષથી વાદીઓ આપતા નથી અને સદર જમીન વાદીઓ પડાવી લેવાના બદ ઈરાદાથી દાવામાં માત્ર એડવર્સ પજેશનના કાયદાનો કારણ બતાવીને ખોટો દાવો દાખલ કરેલો છે. સદર જમીનમાં અમારા પિતાના મરણ બાદ વારસાઈ હકકે પ્રતિવાદીઓના નામ આવેલા છે. તથા સદર જમીન બાબતે વાદીઓ ઉપજનો ભાગ આપતા ન હતા તેમજ સદર જમીન વેચાણ કરવાનો પ્રતિવાદીઓએ નકકી કરેલ હતુ જેથી આ કામના વાદીઓએ સદર જમીન વેચાણ લેવાની તૈયારી બતાવેલી હતી અને વાદીઓ પંચોના માણસો લઈને પ્રતિવાદી નં.૪ એટલે કે તેમના ભાઈ પાસે આવેલા હતા ત્યારે પંચો રૂબરૂ અનરજીસ્ટર કરાર રૂા.૨૦/– ના સ્ટેમ્પ પર સદર જમીન તેઓને વેચાણ આપવાનુ કરાર કરવામાં આવેલો હતો આ કરારમાં સદર જમીનનો ઉલ્લેખ કરવામાં આવેલો છે તેમજ પ્રતિવાદી નં.૪ નાઓએ તેમના ભાગે આવતી જમીનનો તા.૧૭/૨/૨૦૧૭ ના રોજ વેચાણ કરાર કરવાનું નક્કી કરેલ હતુ વેચાણ કરારની રકમ નકકી કર્યા મુજબ વેચાણની રકમ ૩ વર્ષની અંદર ચુકવી આપવાનો વાયદો વાદીઓએ કરેલો હતો તેમ છતાં વાદીઓએ સદર જમીન બાબતે અનરજીસ્ટર કરારનું કોઈ પાલન કરેલ નથી કે કરાર મુજબની કોઈ રકમ ચુકવેલી નથી અને સદર કરારમાં જે સાક્ષીઓએ સહીઓ કરેલી છે. તે જ સાક્ષીઓએ આપ નામદાર કોર્ટ રૂબરૂ હાજર થઈ ખોટુ સોગંદનામુ કરી ખોટી હકીકતો જણાવેલી છે. તેમજ જો વાદીઓ સને–૧૯૯૦ થી શાંત અને પરોક્ષ કબજો ધરાવતા હોય તો સને–૨૦૧૭ માં અનરજીસ્ટર કરાર કયા કારણથી કરવામાં આવેલો છે. તે હકીકત વાદીઓએ દાવા અરજી તથા મનાઈ અરજીમાં સ્પષ્ટ જણાવેલી નથી . તેમજ વાદીઓએ અનરજીસ્ટર કરારમા જણાવ્યા મુજબ કોઈપણ રકમ આજદીન સુધી ચુકવેલ નથી તેમજ તેમા તેમની સહીઓ આવેલી નથી અને સદર જમીન ગેરકાયદેસર રીતે પચાવી પાડવા માટે સદર દાવો દાખલ કરેલો છે. જેથી પણ વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, વાદીએ દાવા અરજી તથા મનાઈ અરજીના પેરા નં.૩, પેરા નં.૪ તથા પેરા નં.૫ ની તમામ હકીકતનો ઇન્કાર કરેલ છે. સદર દાદ માં વાદીઓએ એડવર્સ પઝેશન કાયદા મુજબ કોઈ દાદ માંગેલી નથી જેથી પણ વાદીઓને માગ્યા મુજબની દાદ આપી શકાય નહી તથા વાદીઓ પ્રતિવાદીઓની સંયુકત માલીકીની જમીનનો ગેરકાયદેસર રીતે કબજો મેળવી લેવાના બદ ઈરાદાથી સદર દાવો વાદીઓ લઈને આવેલા છે જેથી પણ વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, વાદીએ દાવા અરજીના પેરા નં.૫ (બી)માં જણાવ્યા મુજબ દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓનો લાગ–ભાગ હકક–હિસ્સો આવેલો નથી તેમ ઠરાવશો તેવી દાદ માંગેલી છે. તે હકીકત વાદીઓએ ખોટી જણાવેલી છે. કારણકે વાદીઓ વિરૂઘ્ઘ લેન્ડ ગ્રેબીંગ એકટ મુજબ કાર્યવાહી કરવામાં આવેલી હતી જેથી લેન્ડ ગ્રેબીંગ એકટના કાયદા સામે રક્ષણ મેળવવાના બદ ઈરાદાથી હાલનો દાવો દાખલ કરેલો છે જેથી પણ વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી રદ થવાને પાત્ર છે. તેમજ વાદીઓએ મજકુર દાવામાં તમામ પ્રતિવાદીઓ વિરૂઘ્ઘ દાદ મેળવવા માટે માંગણી કરેલી છે તથા સદર કામે પ્રતિવાદી નં.૬ નાઓ વિદેશમાં રહે છે અને તેઓનુ સરનામુ વાદીઓએ નામદાર કોર્ટમાં સાચુ બતાવેલુ નથી અને દાવા અરજી અને મનાઈ અરજી બાબતે પ્રતિવાદી નં.૬ નાઓને સાંભળવા માટે કોઈ તક આપવામાં આવેલી નથી તેમજ સદર જમીનમાં તમામ પ્રતિવાદીઓનો કબજેદાર તથા માલીકી હકક આવેલો છે. જેથી સીવીલ હકકો પ્રતિવાદીઓના નષ્ટ થઈ જાય તેમ છે જેથી પણ વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામના પ્રતિવાદી નં.૬ ના કુલમુખત્યાર પ્રતિવાદી નં.૫ ના આંક–૩૫ થી પુરસીસ રજુ કરી દાવા અરજી તથા મનાઈ અરજીનો આંક–૨૯ થી રજુ કરેલ જવાબ જ તેઓના જવાબ તરીકે ગણી લેવા માટે જાહેર કરેલ છે.

(૫) પ્રતિવાદી નં.૪ તરફે તેઓના જવાબના સમર્થનમાં નીચે જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| અ.નં | વિગત | નિશાની |
|---|---|---|
| ૧ | રજી.વેચાણ દસ્તાવેજ નં.૪૫/૧૯૮૯ ની ઝેરોક્ષ નકલ | ૨૮/૧ |
| ૨ | પ્રતિવાદી નં.૪ નાઓએ ઠાસરા પોલીસ સ્ટેશનમાં કરેલ ફરીયાદની ઝેરોક્ષ નકલ | ૨૮/૨ |
| ૩ | વાદી સામે ઠાસરા પોલીસ સ્ટેશન ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની ઝેરોક્ષ નકલ | ૨૮/૩ |
| ૪ | લેન્ડ ગ્રેબીંગ એકટ મુજબ કાર્યવાહી કરવા માટે ઓનલાઇન ફી ભરેલ તેની પાવતીની ઝેરોક્ષ નકલ | ૨૮/૪ |
| ૫ | લેન્ડ ગ્રેબીંગ એકટ મુજબ ઓનલાઇન અરજી વાદીઓ વિરૂધ્ધ કરેલ તેની ઝેરોક્ષ નકલ | ૨૮/૫ |
| ૬ | નં.જમન/લે.ગ્રે/એસ.આર.નં.૨૪૩/વશી/૨૮૨૬ ની ઝેરોક્ષ નકલ | ૨૮/૬ |
| ૭ | નં.જમન/લે.ગ્રે/વશી/૧૦૪૫/૨૦૨૨ ની ઝેરોક્ષ નકલ | ૨૮/૭ |
| ૮ | વાદીઓએ પ્રાન્ત અધિકારી સાહેબશ્રીની કોર્ટમાં રજુ કરેલ જવાબની ઝેરોક્ષ નકલ | ૨૮/૮ |
| ૯ | વાદીઓ તરફે પ્રાન્ત અધિકારી સાહેબશ્રીની કોર્ટમાં હાજર થયેલા વકીલના વકિલાતપત્રની ઝેરોક્ષ નકલ | ૨૮/૯ |
| ૧૦ | લેન્ડ ગ્રેબીંગ એકટ મુજબ મામલતદારશ્રીનાઓ નાયબ કલેકટર સાહેબ રૂબરૂ રજુ કરેલ નિવેદન/જવાબની ઝેરોક્ષ નકલ | ૨૮/૧૦ |
| ૧૧ | લેન્ડ ગ્રેબીંગ એકટ મુજબ ઠાસરાના મહે પ્રાન્ત અધિકારી સાહેબશ્રીનાઓએ માન્ય કલેકટર સાહેબનાઓને મોકલાવેલ અભિપ્રાયની ઝેરોક્ષ નકલ | ૨૮/૧૧ |
| ૧૨ | લેન્ડ ગ્રેબીંગ એકત મુજબ ખેડા જીલ્લાના મહે.કલેકટર સાહેબશ્રીનાઓએ કરેલ ઠરાવની ઝેરોક્ષ નકલ | ૨૮/૧૨ |
| ૧૩ | ગુજ.મનુભાઇ સોમાભાઇ રાઠોડના મરણના દાખલાની ઝેરોક્ષ નકલ | ૨૮/૧૩ |
| ૧૪ | નામ.ગુજરાત હાઇકોર્ટમાં સ્પેશ્યલ ક્રિ.એ.નં.૧૨૨૩૮/૨૦૨૨ માં કરેલ ઓર્ડરની ઝેરોક્ષ નકલ | ૨૮/૧૪ |

| | | |
|---|---|---|
| ૧૫ | પ્રતિવાદી નં.૪ તરફે નામ.ગુજરાત હાઇકોર્ટમાં વાદીઓ ઉપર કરેલ અપીલ નં.F/SCR.A/36396/2022 ની નકલ રજુ કરેલ છે. | ૨૧/૧ |

(૬) પક્ષકારો તરફે વિ.વ.શ્રીઓની દલીલ સાંભળી. વાદી તરફે વિ.વ.શ્રીએ તેઓની આંક–૫ ની કામચલાઉ મનાઈ અરજીની હકીકતો મુજબની રજુઆત કરી આંક–૫ ની અરજીમાં માંગણી કરેલ દાદ મંજુર કરવા અરજ ગુજારેલ છે. વાદીઓ તરફે વિ.વ.શ્રી દલીલમાં રજુઆત કરેલ છે કે, પ્રતિવાદીઓએ નામ. હાઈકોર્ટમાં જે સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૧૨૨૩૮/૨૨ થી કરેલ તે પીટીશન વિડ્રો કરી લીધેલ છે અને તે હુકમ નિ.૪૦/૧ થી રજુ કરેલ છે અને તે રીતે પ્રતિવાદી નં.૪ નાએ લેન્ડ ગ્રેબીંગ એકટ મુજબ કરેલ ફરીયાદ અરજી સંબંધે વાદીઓ વિરુધ્ધ કોઈ કાયદેસર પગલા લેવામાં આવેલ નથી અને વાદીઓનો દાવાવાળી જમીનમાં પ્રથમદર્શનીય રીતે કબજો ભોગવટો પુરવાર થયેલ છે, જેથી પ્રાયમાફેસી કેસ, ઈરીપેરેબલ લોસ અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સના મુદ્દા વાદીઓની તરફેણમાં હોય જેથી વાદીઓની આંક–૫ ની કામચલાઉ અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે. પ્રતિવાદી નં.૧, ૨, ૩, ૫ તથા ૬ તરફે આંક–૩૭ થી રજુ લેખિત દલીલ વંચાણે લીધી. પ્રતિવાદી નં.૪ તરફે આંક–૩૮ થી રજુ લેખિત દલીલ વંચાણે લીધી. પ્રતિવાદી નં.૪ તરફે તેઓની દલીલના સમર્થનમાં નામ.સુપ્રિમ કોર્ટના A.SHANMUGAM VS ARIYA KSHATRIYA RAJAKULA VAMSATHU MADALAYA NANDHAVANA PARIPALANAI SANGAM REPRESENTED BY ITS PRESIDENT ETC., CIVIL APPEAL NOS.4012-4013 OF 2012 ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(૭) ઉપરોકત તમામ હકીકતો જોતા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

(૧) શું વાદી તેઓનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરે છે?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે?

(૩) શું મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે?

(૪) શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ કરવામાં આવે છે.

**:: નિર્ણય ::**

મુદ્દા નં.૧. નકારમાં,

મુદ્દા નં.ર. નકારમાં,

મુદ્દા નં.૩. નકારમાં,

મુદ્દા નં.૪. આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

**<u>મુદ્દા નં.૧:</u>**

(૯) આ કામે વાદીઓ તરફે રજુ આંક–૫ ની કામચલાઉ મનાઈ અરજી વંચાણે લીધી. પક્ષકારો તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. પક્ષકારો તરફેના રજુ પ્લીડીંગ્ઝ વંચાણે લેતા એ હકીકત બિનતકરારી છે કે દાવાવાળી મિલકતના વાદીઓ માલિક નથી. એ હકીકત પણ બિનતકરારી છે કે, દાવાવાળી મિલકત/જમીનનો વેચાણ દસ્તાવેજ પ્રતિવાદીઓના નામે છે. એ હકીકત પણ બિનતકરારી છે કે, દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં કબજેદાર તરીકે પ્રતિવાદીના નામ ચાલી રહેલ છે.

(૧૦) પ્રતિવાદીઓ તરફે દાવા અરજી અને આંક–૦૫ ની કામચલાઉ મનાઈ અરજીનો જે જવાબ રજુ કરેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે દાવાવાળી જમીન રેવન્યુ સર્વે નં.૫૩૨, ખાતા નં.૪૩૮ વાળી જમીન પ્રતિવાદીઓના દાદાના નામે રાઠોડ સોમાભાઇ વાઘજીભાઇનાઓએ તા.૧૯/૦૧/૧૯૮૯ ના રોજથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૪૫/૧૯૮૯ થી શારદાબેન છોટાભાઇ પટેલ વિગેરેનાઓ પાસેથી વેચાણ રાખેલી છે. પ્રતિવાદી નં.૪ તરફે નિ.૨૮/૧ થી ઉપરોકત હકીકત બાબતે રજી.વેચાણ દસ્તાવેજની નકલ રજુ કરેલ છે અને જે વંચાણે લેતા દાવાવાળી જમીન વેચાણ રાખનાર તરીકે રાઠોડ સોમાભાઇ વાઘજીભાઈનું નામ દર્શાવેલ છે. જે વેચાણ દસ્તાવેજના આધારે ગામ નમુના નં.૬ માં નોંધ નં.૨૩૧૦ થી પડેલ છે અને જે હકક પત્રક નોંધ નં.૨૩૧૦ વાદીએ દાવાના કામે નિ.૩/૬ થી રજુ કરેલ છે. પ્રતિવાદી નં.૪ તરફે નિ.૨૧/૧ થી નામ.ગુજરાત હાઇકોર્ટમાં જે અપીલ દાખલ કરેલ તે અપીલ અને તે સાથે

રજુ કરેલ દસ્તાવેજી પુરાવા આ કામે રજુ કરેલ છે. જે અપીલ સાથેના દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા દાવાવાળી જમીનમાં હકક પત્રકમાં નોંધ નં.૨૫૯૩ થી સોમાભાઇ વાઘાભાઇ રાઠોડ ગુજરી જતા તેઓના વારસદાર તરીકે મનુભાઇ સોમાભાઇનું નામ દાખલ કરવામાં આવેલ છે અને સોમાભાઇ વાઘાભાઇનું નામ કમી કરેલ હોવાની નોંધ રજુ થયેલ છે અને તે સાથે હકક પત્રક નોંધ નં.૩૧૨૩ ની નકલ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લેતા મનુભાઇ સોમાભાઇ ગુજરી જતા તેમના સીધી લીટીના વારસદારો તરીકે હાલના દાવાના પ્રતિવાદીઓના નામ રૂએ દાખલ કરવામાં આવેલ છે. વાદી તરફે નિ.૩/૧ થી નિ.૩/૩ સુધી રજુ કરેલ રેવન્યુ રેકર્ડ વંચાણે લેતા દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં હાલના દાવાના પ્રતિવાદીઓના નામ કબજેદાર તરીકે દર્શાવેલ છે.

(૧૧) વાદીએ તેઓની કામચલાઉ મનાઈ અરજી અને દાવા અરજીના પેરા નં.૧ માં જણાવેલ છે કે, વાદીઓના વડીલો અને પ્રતિવાદીઓના વડીલો મામા-ફોઈના સંબંધો ધરાવતા હોય અને વાદીઓના વડીલો અભણ હોય સદર દાવાવાળી જમીન ખરીદવાના નાણા વાદીઓના વડીલે પ્રતિવાદીઓના વડીલ કે જેઓ સરકારી નોકરી કરતા હોય તેઓને આપેલા અને દાવાવાળી જમીનનો દસ્તાવેજ વાદીઓના વડીલોના નામે કરી આપવા પ્રતિવાદીઓના વડીલને જવાબદારી સોંપેલી, પરંતુ પ્રતિવાદીઓના વડીલે તેઓના નામે દાવાવાળી જમીનનો દસ્તાવેજ કરી લીધેલ. વાદીએ ઉપરોકત જે હકીકત જણાવેલ છે તે બાબતે કોઈ પ્રથમ દર્શનીય આધાર આ કામે રજુ કરેલ નથી. દાવાવાળી જમીન ખરીદવા વાદીઓના વડીલે કે વાદીઓએ પ્રતિવાદીઓના વડીલને નાણા આપેલ હોય તે દર્શાવતો કોઈ પ્રથમદર્શનીય આધાર વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી. વાદીઓના વડીલે કે વાદીઓએ કયારે, કઈ તારીખે, કેટલી રકમ આપેલી? તે અંગેની કોઈ હકીકત આંક-૫ ની અરજીમાં કે દાવા અરજીમાં જણાવેલ નથી. વધુમાં દાવાવાળી જમીનનો દસ્તાવેજ પ્રતિવાદીઓના વડીલે કરાવી લઈને દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો વાદીઓના વડીલને કે વાદીઓને સોંપવામાં આવેલ હોય તે દર્શાવતો કોઈ પ્રથમદર્શનીય આધાર કે દસ્તાવેજી પુરાવો વાદીઓ તરફે રજુ કરવામાં આવેલ નથી. દાવાવાળી જમીન વાદીઓના કાયદેસરના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં તે દર્શાવતો કોઈ પ્રથદર્શનીય આધાર વાદીઓ તરફે રજુ કરવામાં આવેલ નથી, જેથી દાવાવાળી જમીન

વાદીઓના કાયદેસરના કબજા ભોગવટામાં છે કે કેમ તે અંગેનો નિર્ણય પક્ષકારો તરફેનો પુરાવો રજુ થયા બાદ ગુણદોષ ઉપર જ નકકી થઈ શકે તેમ છે અને પુરાવો નોંધ્યા વગર દાવાવાળી જમીનના કાયદેસરના કબજા અંગેનો હાલના તબકકે નિર્ણય થઈ શકે તેમ નથી. વાદીઓ એડવર્ઝ પઝેશનથી દાવાવાળી જમીનના કબજેદાર બનેલ હોવાની હકીકત અંગે પણ હાલના તબકકે પુરાવો નોંધ્યા વગર નિર્ણય થઈ શકે તેમ નથી. આ કામે પ્રતિવાદી નં.૪ તરફે નિ.૨૮/૨ થી તા.૧૬/૦૮/૨૦૨૧ ના રોજ પી.એસ.આઈ., ઠાસરા પોલીસ સ્ટેશનનાઓને વાદીઓ વિરુધ્ધ દાવાવાળી જમીન પચાવી પાડવા માટે કાર્યવાહી કરવા આપેલ અરજીની નકલ રજુ કરેલ છે. નિ.૨૮/૫ થી પ્રતિવાદી નં.૪ નાએ ગુજરાત જમીન પચાવવા પર (પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૨૦ હેઠળ વાદીઓ વિરુધ્ધ તા.૧૬/૦૭/૨૦૨૨ ના રોજ કરેલ ઓનલાઈન અરજીની નકલ રજુ કરેલ છે. જે પ્રતિવાદી નં.૪ તરફે રજુ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા દાવાવાળી જમીનના કાયદેસરના કબજા અંગેનો નિર્ણય પુરાવો લીધા બાદ ગુણદોષ ઉપર જ નકકી થઈ શકે તેમ છે. દાવાવાળી જમીનનો કાયદેસરનો કબજો પુરવાર કરવા વાદીઓ તરફે કોઈ પ્રથમદર્શનીય આધાર રજુ કરેલ નથી. રેવન્યુ ભર્યાની પહોંચ રજુ કરવાથી દાવાવાળી જમીનનો કાયદેસરનો કબજો વાદીઓનો હોવાનું પ્રથમદર્શનીય રીતે પુરવાર થતુ નથી.

વધુમાં આ કામે પ્રતિવાદી નં.૪ તરફે નિ.૧૨/૧૪ થી દાવાવાળી જમીનમાં પ્રતિવાદી નં.૪ ના વણવેચાયેલ હિસ્સે અને તેઓના ભાગે આવતી જમીનના અનરજીસ્ટર્ડ વેચાણ કરારની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા તેમાં લખાવી લેનાર તરીકે વાદી નં.૧ થી ૩ તથા સોલંકી ચંપકસિંહ શનાજીનું નામ દર્શાવેલ છે અને લખી આપનાર તરીકે હાલના દાવાના પ્રતિવાદી નં.૪ નું નામ દર્શાવેલ છે અને જે વેચાણ કરાર તા.૧૭/૧૨/૨૦૧૭ ના રોજ અઘાટ કબજા સહિતનો અઘાણ વેચાણનો કરાર છે. જેમાં લખાવી લેનાર તરીકે વાદી નં.૧ થી ૩ અને સોલંકી ચંપકકુમાર શનાભાઈની સહી છે. જયારે લખી આપનાર તરીકે પ્રતિવાદી નં.૪ ની સહી છે. વાદી તરફે તેઓની દાવા અરજીમાં સદર વેચાણ કરાર અંગે કોઈ જ હકીકત જણાવેલ નથી. પ્રતિવાદી નં.૪ તરફે જવાબ અને સદર વેચાણ કરાર રજુ થયા બાદ પણ સદર વેચાણ કરાર અંગે વાદીઓ તરફે કાઉન્ટર એફીડેવીટ રજુ કરી કે દલીલમાં કોઈ ખુલાસો કરેલ

નથી. આમ, વાદીઓ તરફે ઉપરોકત વેચાણ કરારની હકીકત અત્રેની અદાલતથી છુપાવેલ હોવાનુ સ્પષ્ટપણે ફલિત થાય છે. આમ, વાદી ચોખ્ખા હાથે અત્રેની અદાલતમાં આવેલ નથી. ઉપરોકત વેચાણ કરાર ખોટો હોય અને તેમાં વાદી નં.૧ થી ૩ નાઓની સહી નહી હોય તેવી કોઈ વાદી તરફે રજુઆત નથી. જે વેચાણ કરારની હકીકતો વંચાણે લેતા વાદીઓના વડીલો દાવાવાળી જમીન ૧૯૯૦ ની સાલથી ખેડતા આવેલા હોય અને તે જમીનમાં ખેતી કરી ઉપજ લેતા આવેલ હોવાનુ વાદીઓ તરફે પ્રથમદર્શનીય રીતે પુરવાર કરેલ નથી. જયારે એ હકીકત બિનતકરારી છે કે, દાવાવાળી જમીનનો દસ્તાવેજ પ્રતિવાદીના વડીલના નામે છે અને દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં કબજેદાર તરીકે પ્રતિવાદીઓના નામ ચાલી આવેલ છે જેથી તે સંજોગોમાં વાદીઓ તેઓનો પ્રથમદર્શનીય કેસ હોવાનુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે, જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ અને ૩ :–</u>**

(૧૨) બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેરેબલ લોસના મુદ્ધા સંબંધે જોવામાં આવે તો ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીઓ તર્ફે તેઓ દાવાવાળી જમીનના માલિક હોવાનું પ્રથમદર્શનીય આધાર રજુ કરેલ નથી તેમજ દાવાવાળી જમીન ખરીદવા વાદીઓ કે તેઓના વડીલોએ પ્રતિવાદીઓના વડીલને નાણા આપેલ હોય તે દર્શાવતો કોઈ પ્રથમદર્શનીય આધાર રજુ કરવામાં આવેલ નથી. દાવાવાળી જમીનમાં કાયદેસરનો પ્રત્યક્ષ કબજો ભોગવટો વાદીઓનો ચાલી આવેલ હોય તે અંગેનો કોઈ પ્રથમદર્શનીય પુરાવો વાદીઓ તરફે રજુ કરવામાં આવેલ નથી, જેથી વાદીઓએ તેઓનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરેલ ન હોય ત્યારે સગવડતા અગવડતાની સમતુલાનું પાસુ પ્રતિવાદીઓની તરફેણમાં જણાઈ આવે છે, કારણ કે જો કામચલાઉ મનાઈ અરજી મંજુર કરવામાં આવે તો પ્રતિવાદીઓ કાયદેસરના માલિક હોવા છતાં તેઓની જમીનમાં પ્રવેશ કરી શકે નહી કે ખેતી કરી ઉપજ લઈ શકે નહી અને પ્રતિવાદીઓ તેઓના કાયદેસરના હકકોથી વંચિત થઈ જાય તેમ છે અને તે રીતે તેઓને નાણામાં ન આંકી શકાય તેવુ નુકશાન જાય તેમ છે. જયારે જો કામચલાઉ મનાઈ અરજી નામંજુર કરવામાં આવે તો વાદીઓને કોઈ નુકશાન થતુ નથી, કારણ કે તેઓ દાવાવાળી જમીનના કાયદેસરના માલિક

હોવાનું પ્રથમદર્શનીય રીતે પુરવાર કરેલ નથી તેમજ તેઓ દાવાવાળી જમીનનો કાયદેસર રીતે કબજો ધારણ કરતા હોવાનુ પ્રથમદર્શનીય રીતે પુરવાર કરેલ નથી. જેથી વાદીઓને નાણામાં ન આંકી શકાય તેવુ કોઈ નુકશાન જાય તેમ નથી. સગવડતા અગવડતાની સમતુલાનું પાસુ પ્રતિવાદીઓની તરફેણમાં છે તેમજ ઈરીપેરેબલ લોસનો મુદ્દો પણ પ્રતિવાદીઓની તરફેણમાં છે.

વધુમાં કાયદાકીય પ્રસ્થાપિત સ્થિતિ જોવામાં આવે તો નામ. સુપ્રીમ કોર્ટે **Sopan Sukhdeo Sable and Ors. Vs. Assistant Charity Commissioner and Ors., AIR 2004 SC 1401** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, "It is settled law that no injunction could be granted against the owner at the instance of a person in unlawful possession."

આમ, ઉપરોકત પેરાઓમાં ચર્ચા કર્યા મુજબ દાવાવાળી જમીનનો કબજો વાદીઓનો હોવાનું વાદીઓ તરફે પ્રથમદર્શનીય રીતે પુરવાર કરેલ ન હોય અને વાદીઓ દાવાવાળી મિલ્કતના માલિક હોવાનો વાદીઓનો કેસ ન હોય અને પ્રતિવાદીઓ દાવાવાળી જમીનના કાયદેસર માલિક હોવાનું તેઓ તરફે પ્રથમદર્શનીય રીતે પુરવાર કરેલ હોય ત્યારે નામ. સુપ્રીમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ કાયદાકીય સ્થિતિને ઘ્યાને લેતા પ્રતિવાદીઓ વિરુઘ્ધ વાદીઓ માંગણી કર્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા હકકદાર થતા નથી. જેથી મુદ્દા નં.૨ અને ૩ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૧૩) પ્રતિવાદી નં.૪ તરફે તેઓની લેખિત દલીલના સમર્થનમાં નામ. સુપ્રિમ કોર્ટના **A.SHANMUGAM VS ARIYA KSHATRIYA RAJAKULA VAMSATHU MADALAYA NANDHAVANA PARIPALANAI SANGAM REPRESENTED BY ITS PRESIDENT ETC., CIVIL APPEAL NOS.4012-4013 OF 2012** ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જે ચુકાદો વંચાણે લેતા જે પ્રતિવાદીઓને મદદરૂપ થતો નથી, કારણ કે તે કેસની હકીકત અને હાલના કેસની હકીકત તદ્દન ભિન્ન છે. કામચલાઉ મનાઈ અરજીના કામે તે ચુકાદો આપવામાં આવેલ નથી. વધુમાં

વાદીઓ દાવાવાળી જમીનમાં કેરટેકર, વોચમેન કે પ્રતિવાદીઓના એજન્ટ તરીકે કબજો ધરાવતા હોય તેવી પ્રતિવાદીઓ તરફે રજુઆત નથી. પ્રતિવાદીઓ પ્લીડીંગમાં દાવાવાળી જમીનનો કબજો ભોગવટો તેઓનો હોવાની રજુઆત કરેલ છે. જેથી ઉપરોકત નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો પ્રતિવાદીઓને મદદરૂપ થતો નથી.

(૧૪) આમ, ઉપરોકત વિગતે ચર્ચા કર્યા મુજબ અને સંજોગોમાં મુદ્દા નં.૧ થી ૩ નો નિર્ણય નકારમાં આપવામાં આવેલ હોય જેથી વાદીની આંક–૫ ની અરજી નામંજુર કરવી ઉચીત જણાય છે અને મુદ્દા નં.૪ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આ ખ રી હુ ક મ ::

૧. વાદી તરફે રજુ આંક–૫ ની કામચલાઉ મનાઇ અરજી **નામંજુર** કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.૦૬ , માહે– જાન્યુઆરી, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ.ઠાસરા
તા.૦૬/૦૧/૨૦૨૫

**(જીનલ વિનયકુમાર શાહ)**
મુખ્ય સીવીલ જજ, ઠાસરા
કોડ નં. જી.જે.૦૧૨૭૪